# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-04-2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **સરકારી કચેરીઓમાં લોકોને હાલાકી ન પડે તેવું કામ કરવા મુખ્યમંત્રીની સૂચના.**
2. **રાજ્યના આઠ જિલ્લાની અદાલતના પરિસરમાં વકીલોને બેસવા અલાયદી બેઠક વ્યવસ્થા કરાશે.**
3. **નાગરિકોને સરકારની સાથે સહભાગી થઈ પર્યાવરણને બચાવવા કામ કરવાની આબોહવા પરિવર્તન વિભાગનામંત્રીની અપીલ.**
4. **માધવપુર ઘેડ મેળાની ઉજવણીના ભાગરૂપે આજે અમદાવાદમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન.**
5. **પાટણની બહેરા-મુંગા શાળાના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય કક્ષાની ડેફ સ્પર્ધામાં છ ચંદ્રક જીત્યા.**

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM SUCHNA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સરકારી કચેરીઓમાં લોકોને હાલાકી ન ભોગવવી પડે તેવું કામ કરવા સૂચના આપી છે. ગઈકાલે મંત્રીમંડળમાં લેવાયેલા નિર્ણય અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, મુખ્યમંત્રીએ લાંબા સમયથી પડતર અરજદારોની અરજીનો ઝડપી નિકાલ આવે તેવા પ્રયાસ હાથ ધરવાની સૂચના આપી છે.

રાજ્યના જન સંપર્ક કાર્યાલય, જિલ્લા અને તાલુકા પંચાયત, આરોગ્ય કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓમાં આવતા અરજદારો કે સેવા મેળવવા આવતા લોકોની સમસ્યા અને ફરિયાદનું સત્વરે નિકાલ થાય તેવા પ્રયાસો હાથ ધરવા પણ કહેવાયું હોવાનું શ્રી પટેલે ઉમેર્યું હતું. જ્યારે લાંબા સમય સુધી અરજી પડતર રાખતા અધિકારીઓ અને કર્મચારીઓ સામે પગલાં લેવાશે તેમ પ્રવક્તા મંત્રીએ જણાવ્યું હતું.

# DISTRICT COURT FACILITIES

રાજ્યના આઠ જિલ્લાની અદાલતના પરિસરમાં વકીલોને બેસવા અલાયદી બેઠક વ્યવસ્થા કરાશે. મંત્રીમંડળની બેઠકમાં આ અંગે લેવાયેલા નિર્ણયો અંગે રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે ગઈકાલે જણાવ્યું કે, આ માટે 82 કરોડ રૂપિયાની વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

**(બાઈટઃ ઋષિકેશ પટેલ)**

# JAMNAGAR AIRFORCE PLAN CRASH

જામનગરમાં વાયુસેનાનું વિમાન તૂટી પડતાં એક પાઈલટ શહીદ થયાના અહેવાલ છે. મળતી માહિતી મુજબ, વાયુસેનાનું વિમાન સુવરડા ગામની સીમમાં ધડાકાભેર પટકાયું હતું. ત્યારબાદ વિમાનના પાયલટ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેઓ શહીદ થયા છે. જ્યારે અન્ય એક પાઈલટ ઈજાગ્રસ્ત થયા છે.

આ અંગેની જાણ થતાં વાયુ સેનાના અધિકારી, કલેક્ટર, પોલીસ અને 108 એમ્બુલન્સ ઈમરજન્સી સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. જામનગરના જિલ્લા પોલીસ વડાએ જણાવ્યું કે, ફાઈટર પ્લેનમાં 2 પાઈલટ હાજર હતા.

# BORSAD WAVES

મુંબઈમાં આગામી મે મહિનામાં યોજાનારી વિશ્વ શ્રાવ્ય દ્રશ્ય અને મનોરંજન સંમેલન- વેવ્ઝના ભાગરૂપે 32 જેટલી ક્રિએટ ઇન ઇન્ડિયા ચેલેન્જ શરૂ કરવામાં આવી છે. આમાંથી એક કૉમિક્સ ક્રિએટર ચેમ્પિયનશિપમાં બોરસદ તાલુકાના કાવીઠા ગામમાં રહેતા ચિત્રકાર તેજસ પટેલ સેમિ-ફાઈનલમાં પહોંચ્યા છે.

આ અંગે ચિત્રકાર તેજસ પટેલે કહ્યું, કૉમિકની વિઝ્યુઅલ આર્ટ શૈલી તેમણે જાતે વિકસાવવાનો પ્રયાસ કર્યો છે. બાળપણમાં જોયેલા કાર્ટૂન, ટાઈમ ટ્રાવેલ ફિલ્મ અને બ્રહ્માંડ સંબંધિત છબીઓમાંથી તેમણે પ્રેરણા લીધી હોવાનું જણાવ્યું હતું. આ પ્રયોગના માધ્યમથી તેમણે પોતાની દૃશ્યકળાની અનન્ય શૈલી શોધવાની પ્રક્રિયા શરૂ કરી છે.

# ARVALLI POLICE

અરવલ્લીમાં અકસ્માતની ઘટનાઓને ટાળવા પોલીસ અને પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી- R.T.O.એ વિશેષ ઝૂંબેશ હાથ ધરી છે. અહીં રાષ્ટ્રીય રાજમાર્ગ પર ટ્રક માટે બીજી લેન નક્કી કરવામાં આવી છે. આ સિવાય વાહન ચલાવતા ચાલકોને દંડ કરવામાં આવે છે. આ પોલીસ દ્વારા ટ્રકચાલકોને માહિતગાર કરવામાં આવી રહ્યા છે. તેમ અરવલ્લી જિલ્લાના આસિસ્ટન્ટ R.T.O. ઇન્સ્પેક્ટર એચ. પી. પંડ્યાએ જણાવ્યું.

(બાઈટ : એચ. પી. પંડ્યા, આસિ. RTO ઈન્સ્પેક્ટર, અરવલ્લી)

# CLIMATE CHANGE

રાજ્યના આબોહવા પરિવર્તન વિભાગના મંત્રી મુળૂભાઈ બેરાએ નાગરિકોને સરકારની સાથે સહભાગી થઈ પર્યાવરણને બચાવવા કામ કરવાની અપીલ કરી છે. ગાંધીનગરમાં ગઈકાલે પ્રકૃતિપ્રેમીઓને ક્લાઈમેટ ચેન્જ પુરસ્કારથી સન્માનિત કરતા સમયે શ્રી બેરાએ આ મુજબ જણાવ્યું હતું. તેમણે પુરસ્કાર વિજેતાઓને પર્યાવરણની જાળવણી અંગે બીજાને પ્રેરિત કરવા પણ જણાવ્યુ હતું.

શ્રી બેરાએ કહ્યું, આબોહવાને સુધારવા ગુજરાત અનેક પ્રયાસ અને વિવિધ પહેલ દ્વારા સક્રિય યોગદાન આપી રહ્યું છે. તેમાંથી ક્લાઇમેટ ચેન્જ પુરસ્કાર નાગરિકોમાં

પર્યાવરણ અંગે જાગૃતિ લાવવાનું ઉત્તમ ઉદાહરણ છે. વર્ષ 2030માં પુનઃપ્રાપ્ય ઊર્જાથી 50 ટકા વીજ ઉત્પાદન ગુજરાત કરશે અને ગુજરાતે વર્ષ- 2024માં 4.5 ગીગાવૉટથી વધુ પુનઃપ્રાપ્ય ઊર્જા સ્થાપિત કરવામાં સફળતા મેળવી હોવાનું પણ શ્રી બેરાએ ઉમેર્યું હતું.

# MADHAVPUR MELO AMDAVAD

પોરબંદરમાં છથી 10 એપ્રિલ સુધી માધવપુર ઘેડ મેળો યોજાશે. તેના ભાગરૂપે આજે અમદાવાદમાં નૃત્ય કાર્યક્રમ યોજાશે. આ મેળામાં ઉત્તર-પૂર્વના 600 અને રાજ્યના 800 કલાકારો ભાગ લેશે. ગઈકાલે અમદાવાદના ટ્રાન્સ્ટેડિયા ખાતે તમામ કલાકારોએ 28 જેટલા વિવિધ નૃત્યનો પૂર્વાભ્યાસ કર્યો હતો.

દરમિયાન રાજ્યના પ્રવાસન મંત્રી મુળૂભાઈ બેરાએ માધવપુર ઘેડ મેળામાં ભાગ લેવા આવેલા આસામના એક કલાકારનો વીડિયો સોશિયલ મીડિયા પર શૅર કર્યો હતો.

**(બાઈટઃ આસામ કલાકાર)**

# PATAN DEAF CHAMPIONSHIP

પાટણની બહેરા-મુંગા શાળાના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીયકક્ષાની ડેફ સ્પર્ધામાં છ ચંદ્રક જીત્યા છે. પાટણના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે, કેરળના તિરુવનંતપુરમ્ ખાતે 24થી 29 માર્ચ સુધી યોજાયેલી જુનિયર અન જુનિયર સ્પૉર્ટ્સ

સ્પર્ધામાં 20 રાજ્યના 600 જેટલા ખેલાડીએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં પાટણના છ ખેલાડીઓએ છ સહિત રાજ્યના 23 બધિર ખેલાડીઓએ આઠ ચંદ્રક જીત્યા હતા. ચંદ્રક વિજેતા ખેલાડીઓએ રાષ્ટ્રપતિ પુરસ્કાર વિજેતા શિક્ષક અને કૉચ અને ટીમ મૅનેજરના માર્ગદર્શન હેઠળ તાલીમ મેળવી હતી. ખેલાડીઓની આ સિદ્ધિ બદલ તમામ લોકોએ તેમને અભિનંદન પાઠવ્યા છે. ઉલ્લેખનીય છે કે, બધિર બાળકોએ પાટણની આ શાળાને અત્યાર સુધીમાં કુલ 12 રાષ્ટ્રીય કક્ષાએ ચંદ્રક અપાવ્યા છે.

# AHD-PRAKRUTIK MARKET

અમદાવાદમાં  આજથી ચાર દિવસ માટે પ્રાકૃતિક ખેડૂત હાટ યોજાશે, જેમાં પ્રાકૃતિક ઉત્પાદનો જેવા કે ઘઉં, ચોખા, મસાલા અને અન્ય ખાદ્ય સામગ્રીઓ ઉપલબ્ધ રહેશે. આ ઉત્પાદનો માન્ય ખેડૂતો પાસેથી સીધા ખરીદી શકાશે.

આ મેળો સવારે 11 વાગ્યાથી રાત્રે 9 વાગ્યા સુધી સૃષ્ટિ પરિસરમાં, એ.ઈ.એસ. બોયઝ હોસ્ટેલ કેમ્પસમાં, ગુજરાત યુનિવર્સિટી પાસે  યોજાશે.

# SOMNATH CULTURAL PROGRAM

માધવપુર ઘેડ મેળાની ઉજવણીના ભાગરૂપે 5 એપ્રિલે સોમનાથ મંદિર પરિસરના ચોપાટી ગ્રાઉન્ડ ખાતે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ આ કાર્યક્રમ અંગે અધિકારીઓ-પદાધિકારીઓ સાથે બેઠક યોજી તૈયારીઓની સમીક્ષા કરી માર્ગદર્શન આપ્યું

સોમનાથ ખાતે યોજાનાર કાર્યક્રમમાં પોરબંદરનો મણિયારો રાસ, તલવાર રાસ, ડાંગી નૃત્ય સહિતની પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવશે.

# VHALI DIKRI

સરકાર દ્વારા અમલમાં મુકાયેલી વહાલી દીકરી યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં 7 હજાર 893 દિકરીઓએ યોજનાનો લાભ મેળવ્યો છે. વર્ષ 2024- 25 માં એક હજાર 554 દીકરીઓની અરજી મંજૂર થઈ છે. આ અંગે સુરેન્દ્રનગર જિલ્લા અધિકારી વિવેક શાહે માહિતી આપી

(BYTE - શ્રી વિવેક શાહે)